**સેશન્સ કેસ નંબર : ૨૪/૨૦૨૪.**

**–:: આંક : ૧ લગત હુકમ ::–**

માંડવી પોલિસ સ્ટેશન ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૩૨૨૪–૦૧૨૭/૨૦૨૪, ઇ. પી. કોડની કલમ–૩૯૭, ૧૨૦(બી), ૧૧૪ મુજબના ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં કુલ બે આરોપીઓ સામે સદર ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. સદર કામે આરોપી નંબર : ૨ બિપીનભાઇ ભલજીભાઇ ચૌધરીનાઓ ઘણી મુદતોથી હાજર ન રહેતાં વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ, જે વોરંટ આરોપી બિપીનભાઇ ભલજીભાઇ ચૌધરીનાઓ મરણ ગયેલ હોવાના શેરા તથા મરણના દાખલા સાથે પરત આવેલ છે. આમ, આરોપી નંબર : ૨ બિપીનભાઇ ભલજીભાઇ ચૌધરીનાઓ અવસાન પામેલા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે, જેથી આરોપી નંબર : ૨ બિપીનભાઇ ભલજીભાઇ ચૌધરી સામેનો હાલનો સેશન્સ કેસ એબેટ કરવામાં આવે છે, જયારે આરોપી નંબર : ૧ પ્રતિકભાઇ તરૂણભાઇ શાહનાઓ સામેની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ** : ૨૨ મી, **માહે** : જાન્યુઆરી, **સને** : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ** : ૨૨/૦૧/૨૦૨૫.
**બારડોલી.**

**( રોબિન પી. મોગેરા )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ01539